જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૫/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૬૮૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ, ૮૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૨ બીયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૫૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૬૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૬૮૭/૨૦૨૬**

કાલુપુરઃ હરીહર સુખદેવ દેવમ (ઉ.વ.૪૭)(રહે.પવિત્ર એન્કલેટ, માનસરોવર રોડ ત્રાગડ) એ તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૬ થી તા.૧૩/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર ગાંધીરોડ કુવારા પાસે આવેલ બેન્ક ઓફ બરોડાના કર્મચારી આરોપી હરસિધ્ધભાઈ અર્જુનભાઈ કડીયાર (રહે. સરસ્વતીનગર આઈ.ઓ.સી. રોડ, ચાંદખેડા) એ કાલુપુર ગાંધીરોડ ખાતે આવેલ બેન્ક ઓફ બરોડામાં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી કરન્સી ચેસ્ટ (પૈસા મુકવા માટેની તિજોરી) માં રાખવામાં આવેલ રૂપિયા ૫૦૦ ના દરની ૧૭૪ રીમ જે કુલ રૂપિયા ૮,૭૦,૦૦,૦૦૦/– વિશ્વાસઘાત કરી લઈ જઈ, આર.બી.આઈ. દ્વારા બનાવવામાં આવેલ ઈ–કુબેર કરંન્સી ચેસ્ટ નામના પોર્ટલમાં ખોટા ચેસ્ટ બેલેન્સ સર્ટીફીકેટ અને ચેસ્ટ સ્લીપ સબમીટ કરી હિસાબો અને બીલ બુકમાં ખોટી માહિતી ભરી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૬૮૮/૨૦૨૬**

ચાંદખેડાઃ રમેશભાઇ ગોવાભાઇ રબારી (રહે.ગાયત્રીનગર મલાની સ્કુલ સામે વાળીનાથ ચોકડીથી અંદર ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૬ સવારના ૬/૦૦ થી તા.૧૫/૦૫/૨૦૨૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીના તાળા તોડી, સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૧૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૩,૫૯,૮૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.કે.ભુતિયા ચલાવે છે.

સરખેજઃ સૌરભભાઇ સ/ઓ નવનીતભાઈ શોધન (ઉ.વ.૮૫)(રહે.સાકેત–૦૨, એલ.જે.કોલેજ રોડ સમૃધ્ધ ડેરીની બાજુમા મકરબા) એ તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૪/૨૦૨૬ રાતના ૧૧/૩૦ થી તા.૦૪/૦૪/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૧,૪૦,૦૦૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.એલ.ચાવડા ચલાવે છે.

ગોમતીપુરઃ દિપકભાઇ વિરજીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૭)(રહે.શંકરપુરાની ચાલી સિલ્વર મીલ સામે, રાજપુર–ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૫/૨૦૨૬ રાતના ૧૧/૩૦ થી તા.૧૫/૦૫/૨૦૨૬ સવારના ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ઘાબા ઉપરની જાળીના દરવાજાની સ્ટોપર ખોલી, અજાણી વ્યક્તિ મકાનના પ્રથમ માળે આવેલ રૂમમાં પ્રવેશ કરી, તિજોરીઓમાંથી સોના–ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૫૩,૦૦૦/– અને રોકડ રૂપિયા ૭,૫૫૦/– મળી કુલ રૂપિયા ૬૦,૫૫૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.મહિડા ચલાવે છે.

નારણપુરાઃ અંકિતાબહેન મયુરભાઇ રાજપુત (ઉ.વ.૫૨)(રહે.નિધી એપાર્ટમેન્ટ વિભાગ–૨ સાંઇબાબાના મંદિર સામે શાસ્ત્રીનગર નારણપુરા) એ તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૫/૨૦૨૬ રાતના ૯/૧૫ થી તા.૧૨/૦૫/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, પુજારૂમના મંદિરમાં મુકેલ રામ દરબારની ચાંદીની મુર્તિ નંગ–૫ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/– તથા તાંબા–પિતળની મુર્તિઓ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.સુશ્રી ડી.બી.પરમાર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૬૮૯/૨૦૨૬**

ઇસનપુરઃ સરોજબહેન વા/ઓ બાબુલાલ જૈન (ઉ.વ.૫૮)(રહે.અમીધારા સોસાયટી, બાપા સીતારામ ચોક, નવા નરોડા) એ તા.૧૫/૦૫/૨૦૨૬ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે વિજયપાર્ક થી બીઆરટીએસ બસમાં બેસી નારોલ સર્કલ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીક બસમાંથી ઉતરતી વખતે ભીડભાડનો લાભ લઇ અજાણી વ્યક્તિએ સરોજબહેનની નજર ચૂકવી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૬૯૦/૨૦૨૬**

ચાંદખેડાઃ કાળીગામ ઠાકોર વાસ ખાતે ભાડાના મકાનમાં રહેતા સુનિલકુમાર ઘનશ્યામભાઇ કોરી (ઉ.વ.૩૮)(મુળ વતન. ગામ–લાલગોપાલગંજ તા–કુંડાપ્રતાપ જી–પ્રયાગરાજ ઉત્તરપ્રદેશ) તા.૧૫/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા ચાંદખેડા વિસત પાસે આવેલ જ્ઞાનદિપ સ્કુલમાં શેડ પર લાગેલ પતરા કાઢવાનુ કામકાજ કરતા હતા ત્યારે અચાનક પગ લપસી જતા ૨૦ થી ૨૫ ફુટની ઉંચાઇથી નીચે પટકાતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર સારૂ તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન સાંજના ૪/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી સતિષકુમાર ખુશાલસિંહ ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ નવી બનતી સાઇટ "આરંભ ગ્રીન્સ" ના "બી" બ્લોક ખાતે સ્લેબ ઉપર રહેતા અને ત્યાં જ લોખંડ કટીંગનુ કામકાજ કરતા સંદેશકુમાર દીનામાંઝી માંઝી (ઉ.વ.૨૪)(મુળ વતન. ગામ–ગાલિમપુર પોસ્ટ–ભુડકુહવા થાના–રાજેપુર જી–પુર્વ ચંપારણ બિહાર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૫/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે "બી" બ્લોકથી નીચે ઉતરીને લેબર કોલોની ખાતે આવેલ પતરાની રૂમ નંબર–૬૯ ખાતે રૂમમાં છતના લોખંડના સળીયા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ઇન્દ્રવિજયસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

કૃષ્ણનગરઃ ચેતના ડો/ઓ જેઉને બિષ્ટ (ઉ.વ.૧૮)(રહે.શ્યામલપાર્ક સોસાયટી, ઉમા હોસ્પિટલની બાજુમાં, આદિશ્વર કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૫/૨૦૨૬ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનની છતની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.કિશોરી ચલાવે છે.

વટવાઃ અર્ચના વા/ઓ બ્રિજેશ રાય (ઉ.વ.૩૫)(રહે.ટંકાર–૧, સદભાવના ચાર માળીયા સામે, વટવા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૫/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી